# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 06-06-2024** **બપોર : 1.20 થી 1.30**

**વાર : ગુરૂવાર**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*************************************

- ✓ નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ ત્રીજી વાર સરકાર રચવાની કવાયત તેજ
- ✓ આવતી કાલે એનડીએ સંસદીય પક્ષનાં નેતા તરીકે નરેન્દ્ર મોદીને ચૂંટી કાઢવામાં આવશે
- ✓ શપથવિધી સમારોહમાં અનેક પડોશી દેશોનાં વડાઓને આમંત્રણ મોકલવામાં આવ્યાં
- ✓ નૈઋત્યનું ચોમાસુ આગળ વધ્યુઃ ઉત્તર-પૂર્વ ભારત, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વરસાદની આગાહી
- ✓ દિલ્હી માટે 137 ક્યુસેક વધારાનું પાણી છોડવા હિમાચલ પ્રદેશને સર્વોચ્ચ અદાલતનો નિર્દેશ

*************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# GOVT.FORMATION

18મી લોકસભાની ચૂંટણીનાં પરિણામો બાદ નવી સરકારની રચનાની કવાયત તેજ બની છે. ગઇકાલે એનડીએનાં સાથી પક્ષોએ પોતાનાં નેતા તરીકે નરેન્દ્ર મોદીની સર્વાનુમતે પસંદ કર્યા બાદ આજે નવી દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જે.પી.નડ્ડાએ કેન્દ્રીય મંત્રીઓ સાથે બેઠક યોજી હતી. શ્રી નડ્ડાના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને અન્ય વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજધાનીમાં બિહારના મુખ્યમંત્રી અને જેડીયુ પ્રમુખ નિતિશ કુમારના નિવાસસ્થાને જેડી(યુ)ના નેતાઓનું આગમન ચાલુ છે. ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ અને પ્રદેશ પ્રમુખો પણ દિલ્હી પહોંચી રહ્યા છે.

આવતીકાલે નવી દિલ્હીમાં સંસદ ભવન પરિસરમાં એનડીએ સંસદીય પક્ષની બેઠક યોજાશે, જેમાં ભાજપ, ટીડીપી, જેડીયુ, એલજેપી (આર), શિવસેના (શિંદે જૂથ), જેડી (એસ) ઉપરાંત એનડીએનાં અન્ય સાથી પક્ષોના નવા ચૂંટાયેલા સાંસદો હાજરી આપશે. ગઈકાલે એનડીએની બેઠકમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે શ્રી મોદીનાં નેતૃત્વ હેઠળ ભારતે દરેક ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ કર્યો છે.

દરમિયાન, ગઇ કાલે કોંગ્રેસની આગેવાની હેઠળ ઇન્ડિ ગઠબંધનનાં પક્ષોની બેઠક પણ યોજાઈ હતી, જેમાં સરકાર રચવાની દિશામાં પ્રયાસ ન કરવાનો સંકેત આપ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, જનાદેશ પ્રધાનમંત્રી નરેન્દ્ર વિરુધ્ધ આવ્યો છે. તેમણે જણાવ્યું કે, શ્રી મોદી માટે ચૂંટણી પરિણામો મોટું રાજકીય નુકસાન અને નૈતિક હાર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SWEARING-IN CEREMONY

આ સપ્તાહના અંતમાં નરેન્દ્ર મોદીનાં શપથ ગ્રહણ સમારોહ માટેની તૈયારી ચાલી રહી છે. અનેક પડોશી દેશોનાં વડાઓ આ ઐતિહાસિક પળનાં સાક્ષી બનશે. અત્યાર સુધી નેપાળ, ભુટાન, શ્રીલંકા અને બાંગલાદેશના પ્રમુખોને આમંત્રણ આપવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેને શપથવિધી સમારોહમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે, જે તેમણે સ્વીકારી લીધું છે. શ્રી મોદીએ બાંગલાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના સાથે ફોન પર વાત કરીને તેમને પણ શપથ ગ્રહણ કાર્યક્રમ માટે આમંત્રણ આપ્યું છે. શેખ હસીના આવતીકાલે સાંજે ભારત આવવા રવાના થશે. શ્રી મોદીએ નેપાળના પ્રધાનમંત્રી સાથે પણ વાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે વર્ષ2014માં નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં સાર્ક દેશોનાં રાષ્ટ્રપતિઓ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે વર્ષ 2019નાં શપથ ગ્રહણ સમારોહમાં બિમ્સટેક દેશોનાં નેતાઓ હાજર રહ્યા હતા.

દરમિયાન, લોકસભા ચૂંટણીમાં સતત ત્રીજી વાર વિજયને પગલે વિશ્વભરમાંથી શ્રી મોદી પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. 75થી વધુ નેતાઓએ શ્રી મોદીને અભિનંદન પાઠવ્યા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન, બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન

ઝાયેદ અલ નાહ્યાન, યુરોપિયન પરિષદના અધ્યક્ષ ચાર્લ્સ મિશેલ, ઇઝરાયલના પ્રધાનમંત્રી નેતન્યાહૂ, લિથુઆનિયાના રાષ્ટ્રપતિ ગિતાન્સ નૌસેદા, સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' અને માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ શ્રી મોદીને અભિનંદન પાઠવ્યા છે.

આ પૂર્વે સંયુક્ત અરબ અમિરાત, ઇટલી, મૉરેશિયસ, ભૂટાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, કેન્યા, ચેક પ્રજાસત્તાક, સર્બિયા, નાઇજિરિયા, સ્પેન, ઇરાન, કોરિયા, યૂક્રેન અને મલેશિયા સહિતના દેશોનાં વડાઓએ પ્રધાનમંત્રીને જીત બદલ શુભેચ્છા પાઠવી હતી.

-------------------

## JD(U)-CABINET BERTH

જેડી(યુ) એ આજે કહ્યું કે તેણે સૂચિત એનડીએ સરકારમાં કેબિનેટમાં સ્થાન બાબતે કોઈ શરતો મૂકી નથી. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા પક્ષના પ્રવક્તા કેસી ત્યાગીએ જણાવ્યું કે કેબિનેટની રચનાના સંદર્ભમાં એનડીએ ગઠબંધનના ભાગીદારો સાથે વાત કરવાની જવાબદારી ભાજપ અધ્યક્ષજેપી નડ્ડા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહને આપવામાં આવી છે અને આ સંદર્ભે બેઠકો થઈ રહી છે.

જો કે તેમણે કહ્યું કે જેડી(યુ) બિહાર માટે વિશેષ દરજ્જો ઈચ્છે છે કારણ કે તેનાંથી રાજ્યમાં ગરીબી, બેરોજગારી અને સ્થળાંતર જેવી સમસ્યાઓને ઉકેલવામાં મદદ મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UTTARKHAND-TREKKERS.RTF

ઉત્તરાખંડના સહસ્ત્રતાલ પાસે કર્ણાટકના નવ પર્વતારોહકોના મોત થયા છે. ગત મંગળવારે ખરાબ હવામાનને કારણે, કર્ણાટકના 22 પર્વતરોહકોના જૂથ સાથે સંપર્ક કપાઈ ગયો હતો. વાયુસેના, રાષ્ટ્રીય અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળો દ્વારા સંયુક્ત શોધ અને બચાવ કામગીરીમાં અત્યારસુધી 13 પર્વતારોહકોને બચાવી લેવામાં આવ્યા છે.

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે તેમની સરકાર ટ્રેકર્સને પરત લાવવા માટે સંભવિત તમામ પગલાં લઈ રહી છે. ઉલ્લેખનીય છે કે સહસ્ત્ર તાલ ટ્રેક ઉત્તરાખંડના ગઢવાલ પ્રદેશમાં પંદર હજાર ફૂટની ઉંચાઈ પરસ્થિત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GULMARG TEMPLE-FIRE

જમ્મુ કાશ્મીરનાં લોકપ્રિય પર્યટન સ્થળ ગુલમર્ગમાં આવેલું પ્રતિકૃતિ સમાન મહારાણી મંદિર આગમાં નાશ પામ્યું છે. રાજેશ ખન્ના અને મુમતાઝ પર ફિલ્માવવામાં આવેલા ગીત ‘જય જય શિવશંકર’નું ફિલ્માંકન પર્વતની ટેકરી પર

આવેલા મહારાણી મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આગને કારણે મંદિર સંપૂર્ણપણે નાશ પામ્યું છે. અત્યંત ધાર્મિક મહત્વ ધરાવતું મહારાણી મંદિર કાશ્મીર ખીણમાં લોકપ્રિય યાત્રા સ્થળ છે.

અહેવાલો પ્રમાણે, પાંચ જૂને વહેલી સવારે પોણા ચાર વાગે આગ ફાટી નીકળી હતી અને સ્થાનિક અગ્નિશમન સેવાનાં અનેક પ્રયાસો છતાં મંદિર બળી ગયું હતું. આ મંદિર સંપૂર્ણપણે લાકડામાંથી બન્યું હતું. દરમિયાન, જમ્મુ કાશ્મીર વહીવટી તંત્રએ આ વિનાશક આગનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.-

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WRESTLING.RTF

પેરિસ ઓલિમ્પિક 2024 માટે પોતાનું સ્થાન સુનિશ્ચિત કરનાર છ માંથી પાંચ ભારતીય કુસ્તીબાજો આજથી બુડાપેસ્ટના હંગેરીમાં શરૂ થઈ રહેલી પોલિક ઈમ્રે અને વર્ગા જાનોસ મેમોરિયલ ટુર્નામેન્ટમાં ભાગ લેશે.

ગયા વર્ષે એશિયન રમતોત્સવમાં 53 કિલોગ્રામ વજન વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીતનાર અંતિમ પંઘાલ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય સ્તરે ભાગ લઈ રહ્યો છે. બે વખતની ઓલિમ્પિક વિજેતા વિનેશ ફોગાટ 50 કિલોગ્રામ વજન વર્ગમાં રમશે. તેવી જ રીતે 76 કિલોગ્રામ વજન જુથમાં રિતિકા હૂડા અને 57કિલોગ્રામ વજન જુથની સ્પર્ધામાં અંશુ મલિક ભાગ લેશે. તો અમનસેહ રાવત પુરુષોની ફ્રી સ્ટાઇલ શ્રેણીમાં રમશે .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WEATHER

ઉત્તર પૂર્વ, ઉપ હિમાલય પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં આગામી છ દિવસ દરમિયાન ગાજવીજ સાથે સાધારણ વરસાદ પડવાની સંભાવના છે. આવતીકાલે ઉત્તર પશ્ચિમ ભારતમાં કેટલાંક સ્થળોએ વરસાદની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન જમ્મુ કાશ્મીર, લદાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ છુટા છવાયા સ્થળોએ વરસાદની સંભાવના છે, જ્યારે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઝારખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઓડિશામાં આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન હીટવેવની સ્થિતિ રહેશે.

મધ્ય અરબી સમુદ્ર, કર્ણાટકનાં બાકીનાં ભાગો, દક્ષિણ મહારાષ્ટ્રનાં કેટલાંક ભાગો, તેલંગાણા અને આંધ્રપ્રદેશનાં કેટલાંક વધુ ભાગો, પશ્ચિમ બંગાળનાં કેટલાંક ભાગોમાં આગામી ત્રણથી ચાર દિવસમાં નૈઋત્યનું ચોમાસુ આગળ વધવાની સાનુકુળ સ્થિત છે. દરમિયાન ગઈકાલે રાત્રે દિલ્હીમાં ભારે પવન સાથે મધ્યમ વરસાદ પડ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SC - WATER

સર્વોચ્ચ અદાલતે હિમાચલ પ્રદેશ સરકારને પાણીની અછતનો સામનો કરી રહેલી દિલ્હી માટે 137 ક્યુસેક વધારાનું પાણી છોડવાનો નિર્દેશ

આપ્યો છે. જસ્ટિસ પીકે મિશ્રા અને કે.વી.વિશ્વનાથનની વેકેશન બેન્ચે કહ્યું કે હિમાચલ પ્રદેશ સરકારને કોઈ વાંધો નથીઅને તે તેની પાસે ઉપલબ્ધ વધારાનું પાણી છોડવા તૈયાર છે.

સર્વોચ્ચ અદાલતે હરિયાણા સરકારને હિમાચલ પ્રદેશ દ્વારા છોડવામાં આવતા વધારાના પાણીના પ્રવાહને સરળ બનાવવાનો નિર્દેશ આપ્યો જેથી કરીને તે રાષ્ટ્રીય રાજધાની સુધી પહોંચે. કોર્ટે સ્પષ્ટ કર્યુંકે દિલ્હી સરકાર દ્વારા પાણીનો કોઈ બગાડ ન થવો જોઈએ. તેમાં કહેવામાં આવ્યું છે કેહિમાચલ પ્રદેશ દ્વારા આવતીકાલે હરિયાણાને અગાઉથી સૂચના આપીને 137 ક્યુસેક વધારાનું પાણી છોડવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આ મામલાની વધુ સુનાવણી 10મી જૂને રાખી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ODISHA

ઓડિશામાં છેલ્લા સાત વર્ષોમાં હાથીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે. આ વર્ષે હાથ ધરાયેલી હાથીઓની વસતી ગણતરીમાં 38 જેટલા જંગલ વિસ્તારોમાં 2098 હાથીઓની ગણતરી કરવામાં આવી છે. 13 ડિવિઝનમાં હાથીની ઉપસ્થિતિ નહીં હોવાનું જાણવા મળ્યું છે. ઢેકનાલ વન વિભાગે 239 મોટા હાથીઓ સાથે રાજ્યમાં સૌથી વધુ હાથીઓની સંખ્યા નોંધાવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NASA_SUNITA

ભારતીય અમેરિકી મૂળના નાસાના અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સે બુચ વિલ્મોર સાથે, બોઇંગ સ્ટારલાઇનમાં પ્રથમ ક્રૂ મિશન સાથે અંતરીક્ષમાં ઉડ્ડયન કરનારા પહેલા મહિલા બન્યા છે. 59 વર્ષિય વિલિયમ્સે નવા હ્યૂમન રેટેડ અંતરિક્ષ યાનના પહેલા મિશનમાં ઉડાન ભરનારા પહેલા મહિલા બનીને ઇતિહાસ રચ્યો છે.

ફ્લોરિડા ખાતેના સ્પેસ સ્ટેશનમાં સ્પેસ લૉન્ચ કૉમ્પલેક્સ-41 યુનાઇડેટ લોન્ચ અલાયન્સના ATLAS- V રૉકેટે ગઈકાલે ચાલક દળ સાથે ઉડાન ભરી હતી. લાંબા વર્ષોના અંતરે આ ઉડ્ડયન કરવામાં આવે છે. આ પૂર્વે પહેલી માનવીય ઉડ્ડયન 7 મેના રોજ નક્કી કરવામા આવ્યું હતું. જોકે તકનિકી કારણસોર તેને મોકૂફ રખાયુ હતું. આ ત્રીજો પ્રયાસ છે, જેમાં પ્રક્ષેપણ માટે હવામાન 90 ટકા અનુકૂળ હતું. .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .